# અહેવાલ
# પોસ્ટર પ્રેઝન્ટેશન 2026

**કાર્યક્રમનો વૃતાંત**

તારીખ 18 મી ફેબ્રુઆરી 2026 ને બુધવારના રોજ સાંજે ચાર કલાકથી મોરારજી દેસાઈ મંડપમ ખાતે સમગ્ર વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર પ્રેઝન્ટેશનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં કુલ 22 ટુકડીઓએ નોંધણી કરાવેલ અને 20 ભાગીદારી નોંધાવેલ હતી. આ પ્રક્રિયા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન લેવામાં આવ્યું હતું તેમજ ઓફલાઈન માહિતી માટે એક ફોર્મ આપવામાં આવ્યું હતું જેમાં તેઓએ પોતાના વિચારને લખી તેમના વિભાગના SSIP કોર્ડીનેટર તેમજ વિભાગીય અધ્યક્ષની સહી કરાવી જમા કરવાનું હતું. આ પ્રક્રિયા તારીખ ૧૩ મી ફેબ્રુઆરી સુધીમાં વિદ્યાર્થી દ્વારા સમ્પન કરવાની હતી.

આ પ્રક્રિયા બાદ, જે ટુકડીએ પોતાનો આઈડિયા મોકલ્યો છે તે સર્વને પોસ્ટર પ્રેઝન્ટેશન માટે આમંત્રિત કરવા. આમ, તારીખ 18મી ફેબ્રુઆરીના દિવસે કુલ 22 ટુકડીઓને આમંત્રણ મોકલાવેલ જેમાંથી 20 ટુકડીઓ પોતાના પોસ્ટર તૈયાર કરીને આવેલ હતી. જુદા જુદા વિભાગો પ્રમાણે ટુકડીઓનું વિવરણ નીચે મુજબ છે.

*Table 1: પોસ્ટર રજૂ કરવા આવનાર ટુકડીઓની માહિતી*

| ક્રમ | વિભાગ | ટુકડીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | સોશીયલ સાયન્સ | 1 |
| 2 | માઈક્રોબાયોલોજી | 5 |
| 3 | કમ્પ્યુટર વિજ્ઞાન | 4 |
| 4 | શારીરિક શિક્ષણ | 9 |
| 5 | શિક્ષણ વિભાગ | 1 |
| 6 | ગ્રામ અર્થશાસ્ત્ર | 1 |

| | | |
|---|---|---|
| 7 | ગ્રામ વ્યવસ્થાપન | 1 |

ભાગ લીધેલ ટુકડીઓની માહિતી:

| Gujarat Vidyapith - Poster Presentation 2026 | | |
|---|---|---|
| **Date : 18th February , 2026, Morarji Desai Mandapam** | | |
| Sr. No | Name of Applicant / Team Leader | Title of the Idea |
| 1 | Rishi Solanki | Baal-cut |
| 2 | Rishi Solanki | Vaitu |
| 3 | Urmila Kumari Jha | Tulsi the Natural Hope |
| 4 | Pankaj Nikulya | Organic Farming inputs (products) Startup |
| 5 | PRADEEP SINGH | ManoSaathi |
| 6 | Premnath Singh | Confirm Touch |
| 7 | Rahul chaurasiya | (AI आधारित पर्यटन मार्गदर्शन एवं टूर पैकेज ) |
| 8 | JITENDRA MUKESH BANJARA | Low- cost fitness monitoring and training business model |
| 9 | Yash S. Pathak | अर्बन क्रिएटर स्टूडियो )Urban Creator Studio) - कंटेंट क्रिएटर्स के लिए किफायती और प्रोफेशनल स्टूडियो सुविधा। |
| 10 | PARTHIV GAMIT | Digital Medical Data Management System. |
| 11 | PRADEEP SINGH | Legal Super App |
| 12 | Purva Parihar | P.E.E.L (Peelable eco-friendly eating layer) |
| 13 | Deepak Yadav | G.A.M.E. ( global acces to multisports events) |
| 14 | Dhrishrikumari v. Chaudhari | Vana natural fruit powder |
| 15 | PARANGI ROHITBHAI MAFABHAI | Marketing and management |
| 16 | PRIYANSHIKUMARI THAKORBHAI PATEL | Coleus root pickle |
| 17 | Drashti Parmar | Enzyme - based ammonia production & smart Farm test kit |

| | | |
|---|---|---|
| 18 | Rathod Nayan R. | Energy Conversion Model |
| 19 | Anshu kumari | Nutritional water |
| 20 | Drashti jain | Intent to save |

આ કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે શ્રી જાવેદભાઈ શેખ તેમજ શ્રી ચેતનભાઈ પટેલને આમંત્રિત કરવામાં આવેલ હતા. શ્રી જાવેદભાઈ શેખ, હાલમાં પોતા ની કન્સલ્ટન્સી ચલાવે છે અને આ પહેલા તેઓ નાયપર ઇન્સ્ટિટયૂટ માં ઈન્કયુબેશન સેન્ટરના સીઈઓ તરીકે લગભગ સાડા ત્રણ વર્ષ જેટલી ફરજ બજાવેલ છે. શ્રી ચેતનભાઈ પટેલ હાલમાં સ્રીષ્ટિ (SRISTI) સંસ્થા સાથે સંકળાયેલ છે.

બંને નિર્ણાયકનાં મત મુજબ પ્રથમ ત્રણ આવેલ ટુકડીઓને PoC માટે આગળ લઈ જવી જોઈએ. આ માટે અમો આ ટુકડીઓને મેન્ટર આપીશું જેથી તેઓ પોતાના આઈડિયાને આગળ લઈ જવા માર્ગદર્શન મેળવી શકે તેમજ ખર્ચ અને અન્ય જરૂરી બાબતો જેમ કે તકનીકી સહાય મેળવવી, તજજ્ઞ નું માર્ગદર્શન મેળવવું તેમજ i-Hub જેવી સંસ્થા દ્વારા તેમના આઈડિયા ને અમલમાં મુકવા માટે જો કોઈ ઇન્કયુબેશન સેન્ટરની સહાય જોઈતી હોય તો તે મેળવી શકે, વગેરે સરળતાપૂર્વક કરી શકે.

**PoC માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓની યાદી**

| Sr. No | Name of the Student | Department | Title of the Idea | Domain of the project |
|---|---|---|---|---|
| 1 | Premnath Singh | Physical education | Confirm Touch | Physical education, Electronics, Games and Information technology |
| 2 | Drashti jain | Microbiology | Intent to save | Microbiology and Information technology |
| 3 | Rishi Solanki | Computer Science | Baal-cut + Vaitu | Information technology |

## કાર્યક્રમની ઝાંખી




*છબી 1: પોસ્ટર પ્રેઝન્ટેશન માટે આવે નિર્ણાયક શ્રી. જાવેદભાઈ અને શ્રી ચેતનભાઈ*



છબી 2: નિર્ણાયકોનું ખાદીસૂત્રથી સ્વાગત




છબી 3: PoC માટે રૂ. 15000/- નું ફંડ મેળવનાર ટુકડીના સભ્યો અંકેશ રાવલ અને જયદીપ દેસાઈ



*છબી 4: પોસ્ટર પ્રેઝન્ટેશન દરમ્યાન વિધાર્થીઓ દ્વારા થઈ રહેલ યુક્તિની રજૂઆત (Idea Pitching)*

આ સમગ્ર કાર્ય માટે માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ તેમજ કુલસચિવ શ્રી હિમાંશુભાઈ પટેલ ખૂબ સહાય અને માર્ગદર્શન મળેલ છે; માટે તે બંનેનો ખૂબ ખૂબ આભાર. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે એમના તરફથી જે કોઈ પણ મદદ મળી તે માટે તેઓનો આભાર માનીએ છીએ. નિર્ણાયક શ્રી ચેતનભાઈ અને જાવેદભાઈનો પણ તેમનો કિમતી સમય આપવા બદલ આભાર. આ ઉપરાંત આ કાર્યક્રમ માટે સર્વ વિભાગીય કોર્ડીનેટર શ્રી, સર્વે વિભાગના અધ્યક્ષશ્રી નો આભાર માનીએ છીએ. તેમજ આ કાર્યક્રમમાં જેમણે સૌથી વધારે યોગદાન આપ્યું છે તેવા વિદ્યાર્થીઓનો આભાર માનીએ છીએ.